**ફોજદારી કેસ નં.૩૫૦૧૧૧૦/૨૦૧૨**

**આંક–૧ લગત હુકમ**

**૧.** આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ ના નિર્દેશો અનુસાર યોજેલ આજરોજની નેશનલ લોકઅદાલતમાં સ્પેશીયલ સીટીગનું પણ આયોજન કરેલ છે જેમાં ન્યાયીક સતા નો ઉપયોગ થઈ શકે છે અને ન્યાયીક હુકમ પસાર કરી શકાય છે. જે સ્પેશીયલ સીટીગમાં હાલનો કેસ રાખવામાં આવેલ છે.

**૨.** રેકર્ડ ધ્યાને લીધુ, ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ સને–૨૦૧૨ માં આરોપી વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે અને ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપી વિરુધ્ધ નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ– ૧૩૮ અન્વયેના પ્રોસેસ કાઢવા હુકમ કરવામા આવેલ છે, અને ત્યારથી આ કામ આરોપીને પ્રોસેસની બજવણી માટે પેન્ડીગ પડી રહેલ છે. આ કામે આરોપીને અવાર નવાર પ્રોસેસ કાઢવામા આવેલ છે. જે પ્રોસેસ સરનામા ના અભાવે આરોપીને બજતી નથી વધુમાં, રેકર્ડ ધ્યાને લેતાં આરોપીને અવાર નવાર પ્રોસેસો કાઢવા છતાં તેની બજવણી આજદીન સુધી થયેલ નથી. વધુમાં, ફરીયાદીને આ કામે આગળ કાર્યવાહી માટે નોટીસ કાઢતા જે નોટીસની બજવણી પણ થયેલ નથી અને ફરીયાદી જાતે કે વકીલ મારફતે હાજર રહેલ નથી અને આરોપીને બજવણી થાય તે માટે કોઈ પગલા ભરેલ નથી. આમ, આ કામે ફરીયાદી હાજર રહેલ નથી અને આ કામમાં આરોપીને પ્રોસેસની બજવણી માટે આરોપીનું કોઈ નવુ સરનામુ પણ રજુ કરવામાં આવેલ નથી આ સંજોગોમા ફરીયાદીને કેસની કાર્યવાહી આગળ ચલાવવામા કોઈ જ રસ ન હોવાનુ ફલીત થાય છે. આમ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા આરોપીને આજદિન સુધી પ્રોસેસની બજવણી સરનામાના અભાવે થઈ શકેલ નથી. જે બદલ ફરીયાદી ની બેદરકારી જણાઈ આવે છે અને સદર કેસ આઠ વર્ષ ઉપરાંત થી બીનઅસરકારક રીતે પડી રહેલ છે અને આરોપીની હાજરી સુનીસ્ચીત કરવા ફરીયાદપક્ષે કોઈજ અસરકારક પગલા ભરેલ નથી અને વધુ સમય હાલની ફરીયાદ પડતર રાખી શકાય નહી.

**૩.** આ સબંધે નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ

ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાંના હોય તો તેને ફરીયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

હાલની ફરીયાદ  ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે રદ કરવામાં આવે છે અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨ મી, માહે માર્ચ, સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રટ કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(આર.સી.સોઢાપરમાર)
એડી.ચીફમેટ્રોપોલીટનમેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.કોર્ટનં.૩૭,અમદાવાદ.
સ્પેશીયલ સીટીગ ઓફ મેજીસ્ટ્રટ
GJ 01158

તા.૧૨/૦૩/૨૦૨૨
અમદાવાદ.